# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

**1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે દાંતીવાડાથી રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવશે**

**2) સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અંદાજે 750 કરોડથી વધુનાં ખર્ચે નવું કન્વેન્શન, કલ્ચરલ અને બિઝનેસ સેન્ટર બનાવવામાં આવશે**

**3) આજે રાજ્યભરમાં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવશે**

**4) રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે આજથી ત્રણ દિવસ સુધી ઇન્ટરનેશનલ મુટ કોર્ટ કોમ્પિટિશન યોજાશે**

**5) સૈયદ મુશ્તાક અલી ટી 20 ટ્રોફીમાં બરોડાએ સિક્કીમ સામે 349 રન બનાવીને સૌથી વધુ રનનો વિશ્વ વિક્રમ સર્જ્યો**

**6) રાજ્યમાં ઠંડીમાં ઘટાડોઃ રાજ્યનાં અનેક શહેરોમાં લઘુતમ તાપમાન 19 ડિગ્રીથી વધુ**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAVI KRUSHI MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રવી કૃષિ મહોત્સવ-2024નો દાંતીવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ બે દિવસીય રવી કૃષિ મહોત્સવમાં 12 સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર અને શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અર્પણ સહિત વિવિધ લાભોનું વિતરણ કરાશે.

આ મહોત્સવ રાજ્યના 246 તાલુકાઓમાં યોજાશે જેમાં અંદાજે 2 લાખ 50 હજારથી વધુ ખેડૂતો સહભાગી થશે. ખેડૂતોને રવિ પાકો વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવશે.

સુરતના ઓલપાડ ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ આજે રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકશે. સુરત જિલ્લાના માંડવી ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિ રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકશે.

---

- રીપીટ

# AHMEDABAD RIVERFRONT CULTURAL CENTRE

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અંદાજે 750 કરોડથી વધુનાં ખર્ચે નવું કન્વેન્શન, કલ્ચરલ અને બિઝનેસ સેન્ટર બનાવવામાં આવશે. આ અંગે વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર 500 કરોડ રૂપિયા અને મ્યુનિસિપલ કોર્પોરેશન 250 કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ વિસ્તારને ડેસ્ટીનેશન સેન્ટર તરીકે વિકસાવવાનું આયોજન છે. અહીં 300 રૂમની હોટલ ઉપરાંત એમ્ફી થિયેટર સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રિવરફ્રન્ટ ખાતેનાં ઇવેન્ટ સેન્ટર પાસેનાં પ્લોટમાં ચાર હજાર ચોરસ મીટરમાં કન્વેન્શન હોલ અને ચાર હજાર ચોરસ મીટરમાં એક્ઝિબિશન હોલ બનાવવામાં આવશે. આ ઉપરાંત પર્ફોર્મિંગ આર્ટ થિયેટર, એમ્ફિ થિયેટર બનાવવાની પણ યોજના છે.

આ સેન્ટર બનાવવા માટે તાકીદની દરખાસ્ત કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂર કરવામાં આવી હતી.

---

- -ડેસ્ક અનિલ, NAVIN

# GANDHIDHAM- FRAUD RAID

કચ્છના ગાંધીધામ વિસ્તારમાં આવેલા રાધીકા જવેલર્સમાં EDના નકલી અધિકારી બની ખોટી રેડ દર્શાવી ચોરી કરનાર રાજ્ય વ્યાપી ટોળકીને ઝડપી પાડવામાં આવી છે. આ  ટોળકીને ઝડપી પાડવા માટે પોલીસે કુલ 37 અધિકારીઓની ટીમ રચી હતી. આરોપીઓએ ગુનામાં સંડોવણીની કબુલાત કરી હતી અને  કુલ 12 જેટલા આરોપીઓએ ઇડીની નકલી ટીમ બનાવી ગુનો કર્યો હતો.પૂર્વ કચ્છની સ્થાનિક ગુના શાખાએ આરોપીઓ પાસેથી કુલ 45 લાખ 82 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે કચ્છના એસપી સાગર બાગમારે વધુ માહિતી આપી..

(સાગર બાગમાર - એસપી કચ્છ -ગાંધીધામ)

---

- પીટીસી કચ્છ, હેમાંગીની, NAVIN

# HOME GUARDS DAY

નિષ્કામ સેવાનું સૂત્ર ચરિતાર્થ કરનાર હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ આજે તેનો સ્થાપના દિન નિમિત્તે રાજ્યભરમાં તેની ઉજવણી કરાશે

રાજ્યના નાગરિકો અને પોલીસદળ વચ્ચેની કડી સમાન હોમગાર્ડઝનો આજે સ્થાપના દિવસ છે. આ એક વિભાગ કે સંસ્થા નહિ પણ એક મોટા પરીવારનો સ્થાપના દિન છે.જેમાં જરૂરીયાત પ્રમાણે વખતો-વખત જુદા-જુદા નેજા હેઠળ જુદા જુદા કાર્યો દ્વારા સરકાર આર્મી,પોલીસ તથા રાજ્યના નાગરીકોને મદદરૂપ થવાના મુળ ઉદેશ સાથે આ દળની સ્થાપના ૬ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ થઈ હતી.

આ દળમાં અત્યારે ૩૯ હજાર ૪૦૯ હોમગાર્ડઝ, ૧૦ હજાર ૩૭૧ સિવિલ ડીફેન્સ વોલન્ટીયર્સ અને ૪૪ હજાર ૪૯૩ ગ્રામ્ય રક્ષકદળ (જેમાં ૩ હજાર ૪૮૫ સાગર રક્ષક દળ)ના જવાનો તૈનાત છે.આ દળમાં રાજ્યની મહિલાઓ પણ જોશભેર જોડાય છે. રાજ્યમાં ૭ હજાર ૩૮૬ મહિલા ગ્રામ્ય રક્ષક અને ૨હજાર ૩૬ મહિલા હોમગાર્ડઝ તૈનાત છે. આમ,એક લાખ લોકોનો સમુહ ધરાવતું આ વિશાળ પરીવાર કોઈ પણ કુદરતી કે માનવસર્જિત આફત, કાયદો-વ્યવસ્થા પાલન અને બંદોબસ્ત જેવી તમામ પરિસ્થિતિમાં ફસ્ટ રીસ્પોન્સ ટીમ તરીકે હોમગાર્ડઝ દળ જવાનો પોલીસ દળના ખભેથી ખભો મિલાવી કામગીરી કરતાં આવ્યા છે.

---------------------------------------------------------------------

- મા. ખા /સિમ્પલ

, NAVIN

# SHOOTING GOLD MEDAL-TAAPI

તાપી જિલ્લામાં બેચલર ઓફ આર્ટ્સમાં અભ્યાસ કરતા સ્મિત મોરડીયાએ વર્લ્ડ યુનિવર્સીટી ચેમ્પિયનશિપ 2024 ની શૂટિંગની સ્પર્ધામાં વ્યક્તિગત રજત ચંદ્રક મેળવી તેમજ તેની ટીમને સુવર્ણ ચંદ્રક અપાવી ભારતનું તેમજ રાજ્યનું નામ રોશન કર્યું છે.

દિલ્હી ખાતે યોજાયેલી આ શૂટિંગની સ્પર્ધામાં 33 દેશોની ટીમોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે સ્મિતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની યોજના, સેન્ટર ઓફ એક્સેલન્સી દ્વારા તાપીમાં તાલીમ મેળવી આ સિદ્ધિ હાંસલ કરી છે. આ અગાઉ તે ખેલ મહાકુંભ 2023-24 માં ગોલ્ડ, તેમજ ગુજરાત સ્ટેટ 2022-23માં ગોલ્ડ મેળવી ચુક્યો છે.

(બાઇટ સ્મિત મોરડીયા)

---------------------------------------------------------------------

- રીટા દવે , ptc , તાપી

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# RAKSHA SHAKTI UNIVERSITY COMPETITION

રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે સ્કુલ ઓફ ક્રિમિનલ લો એન્ડ મિલિટ્રી લો ખાતે આજથી ત્રણ દિવસ સુધી ઇન્ટરનેશનલ મુટ કોર્ટ કોમ્પિટિશન યોજાશે. આ સ્પર્ધામાં વૈશ્વિક અર્થતંત્ર અને આર્થિક સલામતી અંગેનાં કાયદા પર ચર્ચા કરવામાં આવશે. આઠમી ડિસેમ્બરે સવારે 11 વાગ્યે સમાપન સમારોહ યોજાશે.

----------------------------------------------------------------------

- APARNA KHUNT, ANIL PATEL, NAVIN

# T 20 BARODA TEAM WORLD RECORD

ઇન્દોરમાં રમાઇ રહેલી સૈયદ મુશ્તાક અલી ટી 20 ટ્રોફીમાં બરોડાએ સિક્કીમ સામે 20 ઓવરમાં 349 રન બનાવીને ક્રિકેટનાં સૌથી નાના ફોર્મેટમાં વિશ્વ વિક્રમ નોંધાવ્યો છે. બરોડાએ ભાનુ પાનિયાની અણનમ સદીની મદદથી પાંચ વિકેટે 349 રન કરીને ઝિમ્બાબ્વેનો વિક્રમ તોડ્યો હતો. ચાલુ વર્ષે ઝિમ્બાબ્વેએ ઝામ્બિયા સામે ચાર વિકેટે 344 રન બનાવ્યા હતા.

સિક્કિમની ટીમ નિર્ધારિત ઓવરમાં સાત વિકેટે માત્ર 86 રન બનાવી શકતાં બરોડા સામે તેનો 263 રનનાં જંગી માર્જિનથી પરાજય થયો હતો. ભાનુ પાનિયાએ 51 બોલમાં 15 સિક્સરની મદદથી અણનમ 134 રન બનાવ્યા હતા.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 300થી વધુ રન નોંધાવનાર બરોડા પ્રથમ ટીમ બની છે.

---

- -ડેસ્ક અનિલ, NAVIN

# NIFT CON.

આજે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી- નિફ્ટ ગાંધીનગર ખાતે પદવીદાન સમારંભ યોજાશે. જેમાં 2024માં સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરી રહેલા વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે.

સમારોહમાં 180 અનુસ્નાતક અને 69 સ્નાતક વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) સુનયના તોમર મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે. લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને એકેડેમિક એક્સેલન્સ એવોર્ડ અર્પણ કરવામાં આવશે.

------------------------------------------------------------------------

- યાદી અનિલ

, NAVIN

# WEATHER

ડિસેમ્બર મહિનાનો પ્રારંભ થઈ ગયો હોવા છતાં રાજ્યમાં હજુ શિયાળો જામ્યો નથી. રાજ્યનાં અનેક શહેરોમાં હજુ લઘુતમ તાપમાન 19 ડિગ્રીથી વધારે હોય છે. ગઇ કાલે નલિયા સિવાયનાં તમામ શહેરોમાં લઘુતમ તાપમાન 16 ડિગ્રીથી વધુ રહ્યું હતું. નલિયામાં 11.5. ડિસામાં 15.9, રાજકોટમાં 16.8, ભુજમાં 17.2, વડોદરામાં 19.2 અને ગાંધીનગરમાં 19.8 ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું. સુરતમાં 23 ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં લઘતુમ તાપમાન 19 ડિગ્રી અને મહત્તમ તાપમાન 31.7 ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં સળંગ ત્રીજી રાત્રે લઘુતમ તાપમાન 19 ડિગ્રી રહ્યું હતું.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, છેલ્લાં ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનની શીત લહેર ધીમી પડતાં આજે ઉનાળો બેઠો હોય એમ મહત્તમ તાપમાન 35 ડિગ્રીએ પહોંચ્યું હતું. ગઇ કાલે તમામ શહેરોમાં મહત્તમ તાપમાન 30 ડિગ્રીથી વધુ રહ્યું હતું.

હવામાન વિભાગની આગાહી અનુસાર ત્રણ દિવસ બાદ ઠંડીનો ચમકારો જોવા મળશે.

---

- -ડેસ્ક અનિલ, પીટીસી નવસારી, NAVIN

# MAHAPARINIRVAN-DIWAS

દેશ આજે બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને તેમની 69મી પુણ્યતિથિએ યાદ કરી રહ્યો છે.આજના દિવસને મહાપરિનર્વાણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. મુંબઈ ખાતે બાબસાહેબના સમાધિ સ્થળ ચૈત ભૂમિ સહિત દેશભરમાં આજે વિવિધ સ્થળોએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાશે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને સાંસદો સહિત અગ્રણી નેતાઓ નવી દિલ્હીમાં સંસદ ભવન સંકુલમાં પ્રેરણા સ્થળ ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે.

ડો. આંબેડકર એક ન્યાયશાસ્ત્રી, વિચારક, અર્થશાસ્ત્રી અને સમાજ સુધારક હતા. તેમણે પોતાનું જીવન સમાનતાની હિમાયત કરવા અને જાતિ આધારિત ભેદભાવ નાબૂદ કરવા માટે સમર્પિત કર્યું હતું.બાબાસાહેબ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ અને સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી બન્યા હતા. વર્ષ 1990માં ‘ભારત રત્ન’થી નવાજવામાં આવ્યા હતા. 6 ડિસેમ્બર 1956ના રોજ તેમનું અવસાન થયું હતું.

---------------------------------------------------------------------

- પુલ કરણ

, NAVIN